# બાયડમાં તલાટી, યુવાન વેપારી સહિત ૪નાં કોરોનાથી મોત

### બાયડના બજારોમાં બપોર બાદ આંશિક લોકડાઉનની સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડ તાલુકામાં કોરોનાનો ફરીથી વિકરાળ ચહેરો જોવા મળ્યો. પાછલા ૨૪ કલાકમાં



તલાટી કમ મંત્રી, યુવાન વેપારી સહિત ૪ જણને કોરોના ભરખી ગયો છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું હોવા છતાં ગ્રામ્ય વિસ્તારમાંથી બાયડમાં ખરીદી માટે આવતી પ્રજા બિન્દાસ્ત જોવા મળી રહી છે. બાયડના બજારોમાં પણ બપોર બાદ આંશિક લૉકડાઉન જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કોરોનાએ અત્યાર સુધીમાં બાયડના ૬ વેપારીઓનો ભોગ લીધો છે. તેના ઉપરથી હવે શું સાવધાની રાખવી તે પ્રજાએ ગંભીરતાપૂર્વક વિચારવું પડશે.

અરવલ્લી જિલ્લો કોરોનાના વધતા સંક્રમણમાં ભીડાયો છે. પૂરતા પ્રમાણમાં આજે પણ ઓક્સિજન મળતો ન હોવાની ફરિયાદ વચ્ચે સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ મળતા નથી. કોરોનાના કારણે મૃત્યુદરમાં ઉછાળો આવ્યો પરંતુ સરકારી દફતર ઉપર તેની નોંધ પણ લેવાતી નથી. મોડાસા પછી બાયડ તાલુકો કોરોનાના કારણે સૌથી વધુ જોખમી બન્યો છે. ગત રોજ કોરોનાથી સંક્રમિત બાયડ તાલુકાની છભૌ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી સંજય રણછોડભાઈ મકવાણાનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. તેઓ બાયડ તાલુકાના કોટડા ગામના વતની હતા. જ્યારે બાયડમાં કરીયાણાના યુવાન વેપારી ચેતન કાન્તિભાઈ પટેલનું કોરોનાના કારણે સારવાર દરમ્યાન મોત નિપજતાં કચ્છી પાટીદાર સમાજમાં શોક છવાયો છે. જ્યારે કોરોનાના કારણે અન્ય ૨ દર્દીઓએ પણ દમ તોડ્યો છે. કોરોનાના કારણે વાત્રક હોસ્પિટલમાં દર્દીઓના મોતનો સિલસિલો ચાલુ રહ્યો હતો જેના કારણે છેલ્લા કેટલાય દિવસોથી વાત્રક સ્મશાન ગૃહ ધગધગતું રહ્યું છે.

# રાજ્યમાં સતત બીજા દિવસે રેકોર્ડબ્રેક દર્દીઓ સાજા થયા

અમદાવાદ, તા. ૧૨

રાજ્યમાં કોરોના વાયસના વેક્સીનેશનની વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. રાજ્યમાં આજે વિક્રમજનક ૧૫,૨૬૪ કુલ દર્દી સાજા થઈને ઘરે પરત ગયા છે, જ્યારે કુલ ૧૧,૦૧૭ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં સતત ઘટી રહેલા કેસના કારણે અમદાવાદ અને સુરતની હાલત સામાન્ય થઈ રહી છે. આ બંને શહેરોમાં સૌથી વધુ કેસ છેલ્લા કેટલાક દિવસોથી નોંધાઈ રહ્યા હોવાના કારણે સરકાર ચિંતિત હતી. આજે રસીકરણની સંખ્યામાં પણ વધારો થયો છે જ્યારે મોતની સંખ્યા ઘટી છે. રાજ્યમાં આજે અમદાવાદમાં ૨૮૮૩, સુરતમાં ૧૦૪૫, વડોદરામાં ૧૧૪૮, રાજકોટમાં ૬૨૧, ભાવનગરમાં ૪૩૬, જૂનાગઢમાં ૪૮૪, જામનગરમાં ૫૧૧ મહેસામામાં ૪૧૧, અમરેલીમાં ૨૫૬, બનાસકાંઠામાં ૨૫૫, પંચમહાલમાં ૨૫૪, આણંદમાં ૧૯૯, ભરૂચમાં ૧૯૭, ગીરસોમનાથમાં ૧૯૩, ખેડામાં ૧૭૫, કચ્છમાં ૧૭૫, મહીસાગરમાં ૧૬૩ કેસ નોંધાયા છે. જ્યારે ગાંધીનગરમાં ૨૬૫, પાટણમાં ૧૩૮, સાબરકાંઠામાં ૧૩૪, દેવભૂમિ દ્વારકામાં ૧૨૯, અરવલ્લીમાં ૧૨૫, વલસાડમાં ૧૨૨, દાહોદમાં ૧૧૪, નવસારીમાં ૧૧૦, નર્મદામાં ૯૬, છોટાઉદેપુરમાં ૯૦, સુરેન્દ્રનગરમાં ૯૯, તાપીમાં ૭૪, પોરબંદરમાં ૫૧, મોરબીમાં ૪૯, બોટાદમાં ૨૮, ડાંગમાં ૯ મળીને કુલ ૧૧૦૧૭ નવા કેસ નોંધાયા છે.

રાજ્યમાં આજે અમદાવાદ શહેરમાં ૧૭, સુરત શહેરમાં ૯, વડોદરા શહેરમાં ૫, વડોદરા જિલ્લો મહેસાણામાં ૪-૪, રાજકોટ જિલ્લામાં ૩, જામનગર કોર્પોરેશનમાં ૬, રાજકોટ શહેરમાં, સુરત જિલ્લામાં, તેમજ અન્ય જિલ્લામાં ૦થી ૨ મળીને કુલ ૧૦૨ દર્દીના મોત થયા છે.

## કોરોના કોર્નર

- ભારત બાયોટેકને ૨ થી ૧૮ વર્ષની વય જૂથ માટે વેક્સિનના ટ્રાયલની મંજુરી.
- મહારાષ્ટ્ર અને દિલ્હીમાં વેક્સિનની અછત.
- જેતપુરમાં કોરોનાથી સાડી ઉદ્યોગ ભાંગી પડ્યો.
- ફરીદાકોટ મોકલાવેલા ૮૦ માંથી ૭૦ વેન્ટીલેટર ખરાબ હોવાની ફરીયાદ.
- દેશમાં રોજ ૧૫ લાખથી વધુ નાગરીકોનું રસીકરણ.
- વેક્સિનની ૧લા ડોઝથી મૃત્યુનું ૮૦ ટકા જોખમ ઓછુ થાય છે.
- દિલ્હીને વેક્સિનનો જથ્થો ફાળવવામાં અન્યાય થાય છે - મનિષ સિસોદીયાનો આક્ષેપ.
- સાઉથ કોરીયાથી તબીબી સાધન સામગ્રી ભારત આવી પહોંચી.
- નેપાળમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૫ કોરોનાના દર્દીઓએ જીવ ગુમાવ્યા.
- કોરોના સામે જંગ જીતીને ડોન છોટા રાજન એઈમ્સમાંથી ડીસ્ચાર્જ.
- રાજયમાં વધુ એક અઠવાડીયુ પ્રતિબંધો લંબાવાતા વેપારીઆલમમાં ભારે આક્રોશ.
- ગુજરાતને કેન્દ્ર દ્વારા ૧૪૬૬ ટોસીલીઝુમેબ ઈન્જેક્શન ફાળવાયા.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વકરેલા કોરોનાથી રોજગારી છીન્ન-ભિન્ન

### અનેક પરિવારમાં આર્થિક તંગીથી ઘરકંકાસ વધ્યો, આત્મહત્યાનું પ્રમાણ વધવાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક મહિનાથી સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. બજારોમાં આંશિક અને સ્વયંભૂ લૉકડાઉન યાર્ડો પણ બંધ થઈ ગયા છે. આ સંજોગોમાં ગરીબ પરિવારો માટે હાથ વગુ રોજગારી છીન્ન-ભિન્ન થઈ ગઈ છે. રોજગારી છીનવાઈ જતાં અનેક પરિવારમાં આર્થિક તંગીથી ઘરકંકાસ વધ્યા છે. આવી સ્થિતિ બાબતે સરકાર ગંભીર બનીને રોજગારી માટે યોગ્ય વિકલ્પ નહીં શોધે તો આશ્ચર્યજનક રીતે આત્મહત્યાનું પ્રમાણ વધવાની દહેશત સેવાય છે.

છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાની મેરેથોન ઈનિંગના કારણે વેપારીઓ અને શ્રમજીવીઓ બેહાલ થઈ ગયા છે. માત્ર ઠીક ઠીક શાંતિ સરકારી કર્મચારીઓને હોય છે કારણ કે તેમને દર મહિને વહેલો કે માંડો પગાર તો મળતો હોય છે..!! જેથી ઘરનું ગુજરાન ચલાવવામાં સરકારી કર્મીઓને કોઈ મોટી મુશ્કેલી નડતી નથી. પરંતુ ખાનગીમાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓને ઓછા પગાર તેમજ રોટેશન પદ્ધતિ પ્રમાણે ફરજ બજાવવી પડે છે જેના કારણે મૂળ મળતો પગાર ઓછો થયો છે તેમ છતાં આવા પરિવારો કરકસર કરીને પણ મહિનો નિકાળી દેતા હોય છે. પરંતુ સૌથી વિકટ સ્થિતિ એ છે કે રોજ સવાર પડે જે કામ મળે તે કરીને દૈનિક રૂા.૧૦૦ થી ૫૦૦ કમાતા શ્રમજીવીઓ તમામ ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે તેના કારણે બેહાલ થયા છે. એક અંદાજ અનુસાર જિલ્લાના ૧૩ મુખ્ય યાર્ડ અને સબયાર્ડમાં મોટાભાગની કામગીરી ઠપ્પ થઈ જતાં ૨૮૦૦ થી વધુ શ્રમજીવીઓ સંપૂર્ણ બેરોજગાર બની ગયા છે અને ગરીબ તેમજ અસંખ્ય મધ્યમ પરિવારો પણ કોરોનાના કારણે નાની-મોટી રોજગારી છીનવાતાં બેહાલ બન્યા છે. ત્યારે આર્થિક તંગીનું ગંભીર ચિત્ર ધીરે ધીરે પ્રકાશમાં આવી રહ્યું છે આ સંજોગોમાં સરકારે રોજગારી ગુમાવી ચૂકેલા શ્રમજીવીઓ માટે તાબડતોબ રાહત પેકેજ જાહેર કરવું પડશે અન્યથા કોરોના જેટલા જ મોત આર્થિક તંગીના કારણે થવાની દહેશત ઉભી થઈ છે.

### નાના વેપારીઓએ હપ્તા-વ્યાજમાં રાહત માગી..

જિલ્લાના ૫૦૦૦થી વધુ નાના-મોટા વેપારીઓ ધંધા-રોજગાર કોરોનાના કારણે અસરગ્રસ્ત બની છતાં ખોટમાં ચાલી રહ્યા છે અને આવનારા દિવસોમાં પણ કોરોનામાંથી મુક્તિ મળે તેવી સંભાવનાથી આ સંજોગોમાં નાના વેપારીઓ આર્થિક સંકળામણ અનુભવવાની સાથે સમયસર બેન્કોના હપ્તા ન ભરતાં વ્યાજના ભારણ હેઠળ આવી ગયા છે ત્યારે સરકાર દ્વારા નાના વેપારીઓને હપ્તા અને વ્યાજમાં રાહત મળે તે પ્રકારે પેકેજ જાહેર કરવું જોઈએ.

# સાબરકાંઠા, અરવલ્લીમાં હિટવેવની સંભાવના, આગામી ૧૭ મે ના રોજ વરસાદની આગાહી

### ધોભધખતા તાપથી બપોરે માર્ગો સૂમસામ, કોરોનાના કારણે પ્રજા ઘરમાં પુરાઈ રહે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

પરોઢે વાદળછાયા વાતાવરણ અને બપોરે ગરમીનો પારો ઉંચકાતાં લમણા શેકી નાખતી ગરમીથી પ્રજા ત્રાહીમામ છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં આગામી ૪ દિવસ હિટવેવની સંભાવના છે. તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને આંબી જાય તેવી સંભાવના છે. જ્યારે તા.૧૭ મે. ના રોજ કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે.



કોરોનાએ તંત્રને હચમચાવ્યું છે અને હવે કુદરત પણ વહીવટી તંત્રની ફિરકી લેતું હોય તેમ ક્યારેક હવામાન પલ્ટાવ અને પછી ધોમધખતો તાપ જેના કારણે વાયરલ બિમારીનું પ્રમાણ વધી જાય છે. અત્યારે તો ઘર આગળ જતો કોઈ રાહદારી છીંક ખાય તો પણ તેને કોરોના થયો હશે તેવી બીકથી પ્રજા ઘરમાં પુરાઈ જાય છે. કોરોનાએ છીંક ખાવી પણ ભયજનક બનાવી દીધી છે. સગાઓને પણ ઉનાળાના વેકેશનમાં ઘરે ન આવે તે માટે પણ ટેલિફોન કરીને જણાવવામાં આવ્યું છે. જિલ્લાના બજારોમાં હજારો ટન કેસર કેરી ઠલવાઈ પરંતુ બજારમાં ખરીદી માટે જઈશું તો ચેપ લાગી જશે તેવી દહેશતથી ખરીદીમાં મંદી દેખાઈ રહી છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનનો પારો ટોચની સપાટીએ પહોંચવાની આગાહી કરી છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લીમાં હિટવેવની સંભાવના વધી ગઈ છે. આમ તો બપોર બાદ બજારમાં ક્યાંય ભીડ દેખાતી નથી પરંતુ કોરોનાથી સંક્રમિત દર્દીઓના કારણે ખાનગી હોસ્પિટલો અને દવાખાનાં સવાર થી માંડી સાંજ સુધી દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે.

## જન્મદિને વધામણી



હંસી ડૉ.નરેનકુમાર પટેલ (ઋષિકુંજ સોસાયટી, બાયડ) (નરોડા-અમદાવાદ)



મુકુંદભાઈ એસ. શાહ (ડિરેક્ટર : મોડાસા કટલરી, કરીયાણા મર્ચન્ટ સહકારી મંડળી) મોડાસા, જિ.અરવલ્લી



નેત્ર અરૂણભાઈ પટેલ વસાદરા, તા.બાયડ



પ્રહલાદ પરમાર (હેર વિસ્તાર) બાયડ, જિ.અરવલ્લી



સમીરભાઈ ડી. મિરઝા (પ્રમુખ : લાયન્સ કલબ-બાયડ) બાયડ, જિ.અરવલ્લી




બાબુભાઈ એચ. પટેલ (મા.શિક્ષક : શેઠશ્રી સી.જે.હાઈસ્કુલ, વડાલી) વડાલી, જિ.સાબરકાંઠા



ઘનશ્યામભાઈ પટેલ સાયરા, તા.મોડાસા



હિમાની હેમંતભાઈ દિક્ષીત (સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨) બાયડ, જિ.અરવલ્લી



પ્રવિણભાઈ બી. પટેલ પહાડપુર, તા.મોડાસા



દિનેશભાઈ પરમાર (પૂર્વ સરપંચ : મહાદેવ ગ્રામ પંચાયત) (પ્રમુખ : અરવલ્લી જિલ્લા ભાજપ, અનુ.જાતિ મોરચો) ગોખરવા, તા.મોડાસા



નિશિકા શૈલેષભાઈ શાહ આકરૂન્દ, તા.ધનસુરા

### જિલ્લાની પ્રજાએ કોરોનામાં

# જીવની પરવા કર્યા વગર લડત આપનાર અડિખમ યોદ્ધાઓને બિરદાવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

તા.૧૨ મે. વર્લ્ડ નર્સિસ-ડે..દર વર્ષે ઉજવાય પણ તેનું મહત્વ સમજાતું ન હતું ગત માર્ચ-૨૦૨૦ થી જિલ્લામાં કોરોનાનું મહાસંક્રમણ શરૂ થયું. આજે કોરોના ચરમસીમાએ છે. મૃત્યુ દર ઉંચકાઈ રહ્યો છે ત્યારે આ બધી વિપરીત પરિસ્થિતિ વચ્ચે સરકારી કોવિડ અને ખાનગી કોવિડ હોસ્પિટલમાં સારવાર કરતા નર્સિંગ સ્ટાફને જોઈને સલામ કરવાનું મન થઈ જાય તેમને દર્દીઓની સેવા એવી લગનથી કરી કે પરિવારને પણ ભૂલી ગયા અને સામે મોત છે તે જાણતા હોવા છતાં ખુશ ખુશાલ ચહેરો રાખી દર્દીને સાંત્વના આપતા જોવા મળ્યા. પાછલા ૧૪ મહિના દરમ્યાન ડૉક્ટરો પછી સૌથી વધુ નિર્ણાયક ભૂમિકા નર્સિંગ સ્ટાફની રહી છે.

જિલ્લાની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ૯૦૦ થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓ બેડમાં સારવાર લઈ રહ્યા છે. જે દર્દી સાજા થઈને આવે છે તેમને ડૉક્ટરો અને ત્યારબાદ નર્સિંગ સ્ટાફની કામગીરી પ્રસંશા કરી છે. ડૉક્ટર તો કદાચ દર્દીને તપાસવા આવ્યા પછી દવા લખીને જતા રહે પરંતુ નર્સિંગ સ્ટાફની સતત ૨૪ કલાક સેવાઓ કાબિલેદાદ છે અને તે પણ ભયંકર કોરોનાના સંક્રમણમાં ૧૨ મે. ના રોજ સાજા થયેલા અનેક કોરોનાગ્રસ્ત દર્દીઓએ જ્યાં સારવાર લીધી હતી તે હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફનો આભાર માન્યો છે. તમે ન હોત તો અમને નવું જીવન ન મળ્યું ન હોત તેવો અહોભાવ પણ વ્યક્ત કર્યો. નર્સિંગ સ્ટાફે જિલ્લાની સરકારી કોવિડ હોસ્પિટલોમાં ટપોટપ કોરોનાના દર્દીઓ મરતા હતા છતાં હિંમત રાખી અને કોઈપણ પ્રકારના ડર વગર અનેક દર્દીઓમાં પોઝિટિવિટીનો સંચાર કરી તેમને હેમખેમ કોરોનાની મહામારીમાંથી બહાર લાવ્યા. ક્યાંક નર્સિંગ સ્ટાફની ભારે જહેમત હોય પરંતુ પૂરતા પ્રમાણમાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શન ન હોય ત્યારે દર્દીનું મોત નિપજે છે છતાં પણ દર્દીઓના સગાઓનો ગુસ્સો સહન કરીને પણ હસતા મોંઢે નર્સિંગ સ્ટાફ કોઈપણ પ્રકારની કટૂતા વગર જે સેવા કરે છે તેને બિરદાવવી જોઈએ. જિલ્લાની પ્રજાએ કોરોનાના કપરા કાળમાં અડીખમ યોદ્ધા બનેલા નર્સિંગ સ્ટાફને બિરદાવ્યો હતો.

# મોડાસામાં શાકભાજી-ફ્રુટનું વેચાણ કરનારાઓ માસ્ક વગર બિંદાસ્ત

### સુપરસ્પ્રેડર બની શકે છે...શહેરીજનોમાં જાગૃતિનો અભાવ

અરવલ્લી જિલ્લામાં સંક્રમણગ્રસ્ત દર્દીઓ અને મોતનો આંક વધી રહયો છે.મોડાસા શહેરના અંતિમધામમાં સતત કોરોનાગ્રસ્ત દર્દીઓની લાશોની





અંતિમક્રિયા થઈ રહી છે શહેરમાં કોરોના સંક્રમણ અટકાવવા આંશીક છૂટછાટ સાથે દિવસે લોકડાઉન અને સરકારે રાત્રી કર્ફ્યુ લગાવી દીધો છે શહેરમાં જીલ્લા પોલીસતંત્ર પણ સઘન પેટ્રોલીંગ કરવાની સાથે શહેરના વિવિધ માર્ગો પર કામ વગર રખડપટ્ટી કરનાર વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી હાથધરી છે બીજીબાજુ શહેરમાં ‘‘દિવા તળે અંધારું’’ જેવો ઘાટ સર્જાયો છે મોટા ભાગના ફેરિયાઓ, વેપારીઓ માસ્ક વગર જ વેપાર કરી રહ્યા હોવાની સાથે કોરોના વાહક બની રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે માસ્ક વગરના ફેરિયાઓ અને વેપારીઓ સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે.

મોડાસા શહેરમાં માસ્ક પહેર્યા વગર બિંદાસ્ત બનેલા ફેરિયાઓ અને કેટલાક વેપારીઓના પગલે કોરોના થી અનેક લોકો સંક્રમિત થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે મોડાસા શહેરના ચાર રસ્તાથી મખદૂમ ચોકડી, ડીપ વિસ્તાર, મેઘરજ રોડ અને માલપુર રોડ પર શાકભાજી અને ફ્રૂટનું વેચાણ કરનારા ફેરિયાઓ, માલપુર રોડ પર કેસર કેરી અને તરબૂચ,ટેટીના ટેમ્પો લઈ ઉભા રહેતા વેપારીઓ માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ધંધો કરી રહ્યા છે આવા ફેરિયાઓ અને વેપારીઓ નગરજનો માટે સુપર સ્પ્રેડર બનતા કોઈ નહિ અટકાવી શકે પોલીસતંત્રની સાથે નગરપાલિકા તંત્ર અને આરોગ્ય વિભાગે માસ્ક પહેર્યા વગર લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર શખ્શો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે.

## દુ:ખદ અવસાન



બાયડ : બાયડના કાન્તિભાઈ પટેલ (ઉમા કિરાણા સ્ટોર્સ-બાયડ)ના પુત્ર અને નિતિનભાઈ પટેલના ભાઈ ચેતનભાઈ પટેલનું નિધન થયેલું છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે ટેલિફોનિક બેસણું તા.૧૬-૫-૨૦૨૧ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

●●●



બાયડ : મોડાસા તાલુકાના ભવાનીપુરકંપાના સવદાસભાઈ અરજણભાઈ પટેલ (દાસકાકા)નું નિધન થયેલ છે.

●●●



બાયડ : ભિલોડા તાલુકાના કારછા ગામના સુરેશલાલ સોમાલાલ ભાટીયાના પુત્ર હિતેષભાઈ ભાટીયા (ચામુંડા ફેશન પોઈન્ટ-શામળાજી)નું નિધન થયેલ છે. વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખી બેસણું રાખેલ નથી. સ્વર્ગસ્થનું ટેલિફોનિક બેસણું તા.૧૪ મે., શુક્રવારે સવારે ૧૧-૦૦ થી ૩-૦૦ રાખેલ છે.


### કોવીડ સેન્ટરોનો ગ્રાઉંડ ઝીરો રીપોર્ટીંગ : અરવલ્લીના કોવીડ સેન્ટરોમાં

# દર્દીઓના નિરીક્ષણ માટે પુરતા સાધનો અને નિષ્ણાંત તબીબોનો અભાવ

અરવલ્લી જિલ્લામાં ચાર સરકારી કોવીડ સેંટરો ઉભા કરવામાં આવ્યા છે. જિલ્લામાં મોડાસા, મેઘરજ, ભિલોડા અને બાયડ ખાતે સરકારી કોવીડ સેંટરો હાલ કાર્યરત છે. જેમાં મોડાસામાં ૧૨૫ બેડ મેઘરજ ૨૦ બેડ ભિલોડા.૨૦ બેડ અને બાયડમાં ૧૦૦ બેડ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જોકે આ મોટાભાગ કોવીડ સેન્ટરો પર આધુનિક તબીબી સાધનો નો અભાવ હોવાથી કોવીડ ના દર્દીઓ ને કેટલીક વખત સેન્ટર બહાર અન્ય ખાનગી પેથોલોજી માં પરિક્ષણ કરાવવા પડે છે.

કોરોના મહામારીએ દેશના હજારો પરિવારોને ધમરોળી નાખ્યા છે. આજે પણ કોરોના સંક્રમિતો સારવાર મેળવવા માટે હોસ્પિટલોની જાય છે પરંતુ હાઉસફુલના પાટીયા જોઈ હતપ્રભ બની જાય છે, દાખલ થવા લાઈનો લાગે છે અને એમ્બ્યુલન્સ





માજ ઓક્સિજન સહિતની સારવાર લેવી પડી રહી છે.. તો અનેકો ઓક્સિજનના અભાવે જીવ ગુમાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં અરવલ્લી જિલ્લામાં કોરોના ના કેસમાં વધારો થતા જિલ્લાના ચાર તાલુકાઓમાં કોવીડ સેંટરો કાર્યરત કરવામાં આવ્યા છે. આ કોવીડ સેંટરો પર દર્દીઓની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે પરંપરાગત સાધાનો સિવાય આધુનિક સાધનોનો અભાવ છે. જેના પરીણામે દર્દીઓ ને મોટા ભાગે સી.ટી સ્કેન અને ઇ,સી.જી ટેસ્ટ કરાવવા માટે હોસ્પિટલની બહાર અન્ય ખાનગી પેથોલોજી લેબોરેટરીમાં જવું પડે છે. જેથી કેટલીક વખત દર્દીની તબીયત સારી ન હોવાથી ખુબજ પરેશાની વેઠવી પડી છે.

### બાયડ કોવીડ સેન્ટર

વાત્રક કોવીડ હોસ્પિટલમાં દર્દીઓ માટે ૧૦૦ બેડની વ્યવસ્થા છે. ઈંચાર્જ તબીબને દર્દીઓના નિરીક્ષણની વ્યવસ્થા અંગે પુછતા જણાવ્યુ કે સેંટરમાં દર્દીઓના નિરીક્ષણ માટે ૩ બાઈપેપ, ૪ મલ્ટીપારા મોનીટર, ૪ વેન્ટીલેટર ૩ ઈ.સી.જી., સી.ટી. સ્કેન ઉપલબ્ધ છે.

### મોડાસા કોવીડ સેન્ટર

જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં ટ્રસ્ટ સંચાલીત સાર્વજનિક હોસ્પિટલમાં કોવીડ સેંટર સ્થાપવામાં આવ્યુ છે . જેમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ૧૨૫ બેડ ની વ્યવસ્થા કરવામાં આવી છે.

અત્રે ના ઈંચાર્જ તબીબ ને દર્દીઓના નિરીક્ષણ ની વ્યવસ્થા અંગે પુછતા તેમણે જણાવ્યુ હતું કે કોવીડ સેંટર માં ૭ બાઈપેપ, ૧૫ મલ્ટીપારા મોનીટર અને ૩ ઈ.સી..જી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. હાલ આ હોસ્પિટલ માં તમામ બેડ ઓક્યુપાઈ થઈ ગયા છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે શું ૧૨૫ બેડ વાળી કોવીડ હોસ્પિટલમાં આટલા સાધાનો પુરતા છે.